### જામ્યુકો કચેરીમાં બોમ્બની ધમકીના ૨૮ દિવસ બાદ

# જામનગરની પોસ્ટ ઓફિસમાં બોમ્બની ધમકીથી ખળભળાટ

## પોલીસ, બોમ્બ સ્કોર્ડ દ્વારા સાંજે ૬:૩૦ થી ૭:૩૦ કલાક સુધી તપાસ ચાલી, અંતે કઈ ન મળ્યું

જામનગરમાં : જામનગરમાં અગાઉ તા.૧૭ જૂનના રોજ જામ્યુકો કચેરીમાં બોમ્બની ધમકીના ૨૮ દિવસ બાદ આજે તા.૧૫ જુલાઈના રોજ ફરી એક વખત પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ હતી. જો કે, સર્ચ ઓપરેશન બાદ વાંધાજનક વસ્તુ હાથ ન લાગતા ટીમે રાહતનો શ્વાસ લીધો હતો.

જામનગરમાં આવેલી પોસ્ટ ઓફિસમાં બોમ્બ હોવાની ધમકીભર્યો ઈ-મેઈલ મળતા સુરક્ષા એજન્સીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. જેને પગલે પોલીસ, એસઓજી અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડની ટીમો તાત્કાલિક પોસ્ટ ઓફિસે પહોંચી હતી. સમગ્ર પોસ્ટ ઓફિસ પરિસરને સુરક્ષાના ઘેરામાં લઈ સઘન તપાસ હાથ ધરવામાં


તસવીર: સુનિલ ચુડાસમા

આવી હતી બાદમાં પોસ્ટ ઓફિસમાં રહેલા તમામ પાર્સલોની એક પછી એક ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ હતી. પોલીસ દ્વારા ઈમારતના દરેક રૂમ, કચેરી, સ્ટોર રૂમ તેમજ ખૂણે-ખૂણાની ચકાસણી કરવામાં આવી હતી. ૬:૩૦ થી ૭:૩૦ કલાક સુધી ચાલેલી તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક સામગ્રી મળી ન આવતા તંત્ર એ રાહતનો શ્વાસ લીધો હતો. તપાસ પૂર્ણ થયા બાદ બોમ્બ હોવાની માહિતી ખોટી હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું હતું.

# લાખાબાવળ પાસે બોલેરો કારથી યુવાનના સ્કૂટરને ટક્કર મારી જીવલેણ હુમલો

જામનગર : જામનગર તાલુકાના લાખાબાવળ ગામ જવાના માર્ગ પર આવેલા એક ખાનગી બેંકના એ.ટી.એમ. પાસે જાહેર રોડ પર એક યુવક પર પૂર્વ વૈમનસ્ય રાખી છ આરોપીઓએ જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, સરમત ગામના રહેવાસી અને ખેતીકામ કરતા લક્ષ્મણસિંહ હઠીસિંહ જાડેજા (૨૬) સાથે ગામમાં અગાઉ થયેલી મારામારીનો ખાર રાખી આરોપીઓએ ગેરકાયદે મંડળી બનાવી હુમલાનું કાવતરું રચ્યું હતું. ફરિયાદી સ્કૂટર પર જઈ રહ્યા હતા ત્યારે સફેદ રંગની બોલેરો કાર દ્વારા તેમના સ્કૂટરને પાછળથી ટક્કર મારી નીચે પાડી દેવાયા હતા.

ત્યારબાદ કારમાં આવેલા પાંચ શખ્સોએ લોખંડના પાઈપ સહિતના જીવલેણ હથિયારોથી ફરિયાદીના બંને હાથ, બંને પગ અને છાતીના ભાગે માર મારી ઈજાઓ પહોંચાડી હતી, જ્યારે એક આરોપી કાર પાસે નજર રાખતો ઉભો રહ્યો હતો.

આ બનાવ અંગે સિક્કા પોલીસ સ્ટેશનમાં સત્યજીતસિંહ જીલુભા જેઠવા (રહે. ખોડીયાર કોલોની, જામનગર), કર્મરાજસિંહ ઉર્ફે મુળી પરમાર (રહે. જામનગર), જયદીપસિંહ પ્રભાતસિંહ રાઠોડ (રહે. નાઘેડી) તેમજ અન્ય ત્રણ અજાણ્યા શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૧૫(૨), ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૩) તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. વધુ તપાસ સિક્કા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.બી. પટેલ ચલાવી રહ્યા છે.

# જામનગરમાં પી.એમ. પોષણ યોજના હેઠળ ૮ કરાર આધારિત જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા શરૂ

જામનગર : જામનગર જિલ્લામાં પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના (મધ્યાહ્ન ભોજન યોજના) હેઠળ ૧૧ માસના કરાર આધારિત ભરતી માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટરની બે જગ્યાઓ તથા તાલુકા કક્ષાએ એમ.ડી.એમ. સુપરવાઈઝરની છ જગ્યાઓ સહિત કુલ આઠ જગ્યાઓ માટે લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર માટે માસિક રૂ. ૧૮,૦૦૦ તથા એમ.ડી.એમ. સુપરવાઈઝર માટે માસિક રૂ. ૨૫,૦૦૦ ફિક્સ માનદ વેતન ચૂકવવામાં આવશે.

ઉમેદવારો ૧૬ જુલાઈથી ૨૫ જુલાઈ સુધી કચેરી સમય દરમિયાન અરજી રૂબરૂ અથવા સાદી ટપાલ, રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ દ્વારા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, પી.એમ. પોષણ યોજના કચેરી, રૂમ નં. ૨૧૦, બીજો માળ, જિલ્લા સેવા સદન, શરૂ સેકશન રોડ, જામનગર ખાતે મોકલી શકશે. ઉમેદવારોએ અરજી કરતા પહેલાં લાયકાત, વયમર્યાદા, અનુભવ અને ભરતી સંબંધિત તમામ માર્ગદર્શિકા જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી અથવા જાહેરાતમાં દર્શાવેલા ક્યુઆર કોડ પરથી મેળવી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કલ્યાણપુરના નાવદ્રા ગામે જમીન વિવાદમાં આધેડ પર ફાયરિંગ

## બે ગોળી વાગતા સારવાર હેઠળ, ૧૪ જેટલા શખ્સની અટકાયત

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના નવદ્રા ગામના જમીનના ડખ્ખામાં માથાકૂટ થતાં અને ફાયરિંગ કરવામાં આવતા એક આધેડને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડવામા આવ્યા છે. બીજીતરફ આ ઘટનાની જાણ થતાં જિલ્લા



પોલીસવડાની સૂચનાથી સ્થાનિક પોલીસ અધિકારી સહિતનો સ્ટાફ સ્થળપર દોડી ગયો છે અને ૧૪ જેટલા શખ્સને રાઉન્ડ અપ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે તેમજ ફરિયાદ નોંધવા અંગેની તજવીજ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે કલ્યાણપુર પંથકના નાવદ્રા ગામમાં ખેતીની જમીન અંગે બે જૂથ વચ્ચે માથાકૂટ ચાલતી હોઈ દરમિયાન આજરોજ માથાકૂટ ઉગ્ર બનતા લખમણભાઈ કરમૂર નામના આધેડ ઉપર ફાયરિંગ કરવામાં આવતા તેઓને બે ગોળી પગમાં વાગતા લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. બીજીબાજુ આધેડ ઉપર આ સમગ મામલો વીડિયોમાં કેદ થઈ ગયો છે અને લાંબા ગામના ચોક્કસ શખ્સ દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ ઘટનાની જાણ થતાં દ્વારકા જિલ્લા પોલીસવડા જયરાજસિંહ વાળાની સૂચનાથી કલ્યાણપુર પોલીસ અધિકારી સહિતનો સ્ટાફ સ્થળપર દોડી ગયો હતો અને ફાયરિંગની ઘટનામાં સામેલ અન્ય ૧૪ જેટલા શખ્સને રાઉન્ડ અપ કરી વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

# શિક્ષણમંત્રી દ્વારા જગન્નાથ મંદિરે પૂજા-અર્ચના, લોકસુખાકારી માટે પ્રાર્થના



જામનગર : જામનગર ઉત્તરના ધારાસભ્ય અને રાજ્યના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાએ વિશ્વ વિખ્યાત રથયાત્રા પૂર્વે ગઈકાલે ભગવાન જગન્નાથ મંદિરે કરી પૂજા-અર્ચના સાથે રાજ્યના લોકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. જામનગર ઉત્તરના ધારાસભ્ય રિવાબા જાડેજાએ જગન્નાથ મંદિરે પહોંચીને ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાજીના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. મંદિરમાં વિધિવત પૂજા-અર્ચના કર્યા બાદ રિવાબા જાડેજાએ રાજ્યના લોકોની સુખ-સમૃદ્ધિ તેમજ સર્વજન કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, જગન્નાથજીના ચરણોમાં આવીને દર્શન કરવાનો ખૂબ જ દિવ્ય અને ભવ્ય અનુભવ થયો છે. ભગવાન જગન્નાથજી સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ વરસાવે તેવી પ્રાર્થના કરું છું.

# જામનગરમાં અષાઢી બીજે ભગવાન જગન્નાથજીની પ્રતિકાત્મક રથયાત્રા, ૧૨ દિવસીય ઉત્સવનો પ્રારંભ



## આજે ભગવાન જગન્નાથજીના મંદિરમાં પૂજન અને ઘોષયાત્રા, શનિવારે નગરમાં ઈસ્કોનની ભવ્ય રથયાત્રા યોજાશે


જામનગર : અષાઢી બીજના પાવન અવસરે જામનગરમાં આજે ભગવાન જગન્નાથજી, બલરામજી અને સુભદ્રાજીના પૂજન સાથે પ્રતિકાત્મક રથયાત્રા (ઘોષયાત્રા) યોજાશે. ખંભાળિયા રોડ નજીક સિદ્ધનાથ સોસાયટીમાં આવેલા જગન્નાથ મંદિરમાં આજથી ૧૨ દિવસીય ધાર્મિક ઉત્સવનો પ્રારંભ થશે.

મંદિરના સેવક સમૂહ દ્વારા આજે બપોરે ૨ વાગ્યે વિશેષ પૂજા બાદ મંદિર પરિસરમાં પ્રતિકાત્મક શોભાયાત્રા યોજાશે. આ ઉત્સવ આગામી ૧૨ દિવસ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ઉજવાશે.

આયોજકોના જણાવ્યા મુજબ તા. ૨૪ જુલાઈએ અષાઢ સુદ દશમે બાહુડા યાત્રા યોજાશે, જેમાં ભગવાન જગન્નાથજી, બલરામજી અને સુભદ્રાજી માસીના ઘરેથી પરત ફરશે. ત્યારબાદ તા. ૨૭ જુલાઈએ નીલાદ્રી બીજે ભગવાનનો મંદિરમાં પુનઃપ્રવેશ કરાવી વિશેષ ઉત્સવ ઉજવાશે. મંદિર સાથે સંકળાયેલા મોટાભાગના ભક્તો ઓડિશા રાજ્યના હોવાથી પરંપરાગત વિધિ મુજબ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત શહેરમાં તા. ૧૮ જુલાઈ, શનિવારે બપોરે ૩:૩૦ વાગ્યે ઈસ્કોન સંસ્થા દ્વારા ભવ્ય રથયાત્રા યોજાશે. યાત્રા એમ્યુઝમેન્ટ પાર્ક રોડ પર આવેલા શ્રીજી હોલ પાસેથી પ્રસ્થાન કરીને સત્યમ કોલોની, હીરજી મિસ્ત્રી રોડ, જોલી બંગલો, ખંભાળિયા ગેટ, સેન્ટ્રલ બેંક રોડ, ચાંદી બજાર, સજુબા સ્કૂલ, બેડી ગેટ, ટાઉનહોલ અને કે.વી. રોડ થઈ પોટરી ગલી પાસે પૂર્ણ થશે. રથયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો, સત્સંગ મંડળો અને વિવિધ સામાજિક સંસ્થાઓ જોડાશે. શહેરના વેપારીઓ અને સંસ્થાઓ દ્વારા યાત્રાનું માર્ગમાં ઠેરઠેર સ્વાગત કરવામાં આવશે.સાંજે રાજકોટ હાઈવે પર આવેલા ઈસ્કોન મંદિરમાં રાત્રે ૮ વાગ્યે ચૈતન્ય મહાપ્રભુદાસજીનું આધ્યાત્મિક પ્રવચન, ત્યારબાદ મહા આરતી અને પ્રસાદ વિતરણનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# જામનગરમાં સજુબા સ્કૂલ પાસે દબાણ હટાવવાની કાર્યવાહી, માલ-સમાન કબ્જે


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરના સજુબા સ્કૂલ નજીક શાકમાર્કેટ તરફ જતા માર્ગ પર ટ્રાફિકને નડતરરૂપ દબાણો દૂર કરવા મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા અને પોલીસ દ્વારા સંયુક્ત અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. કાર્યવાહી દરમિયાન માર્ગ પર ગેરકાયદેસર રીતે મૂકવામાં આવેલા ટેબલ, વજનકાંટા, છત્રીઓ સહિતનો સામાન જપ્ત કરવામાં આવતા પથારાવાળાઓમાં દોડધામ મચી ગઈ હતી.

લાંબા સમયથી સજુબા સ્કૂલ આસપાસના વિસ્તારમાં શાકભાજી અને અન્ય પથારાવાળાઓ માર્ગ પર જ ટેબલ, છત્રીઓ અને અન્ય સાધનો ગોઠવી વેપાર કરતા હોવાથી વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ અંગે મળતી ફરિયાદોને પગલે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા અને સ્થાનિક પોલીસ દ્વારા સંયુક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કાર્યવાહી દરમિયાન ૩૬ નંગ કેરેટ, ૧૬ ટેબલ, ૩૬ પાઈપ અને ૧૮ વજનકાંટા સહિતનો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. અધિકારીઓએ માર્ગ પર દબાણ ન કરવા અને જાહેર માર્ગ ખુલ્લો રાખવા વેપારીઓને સૂચના પણ આપી હતી.

સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે સજુબા સ્કૂલ અને શાકમાર્કેટ વિસ્તારની દબાણની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા માટે મહાનગરપાલિકા અને પોલીસ દ્વારા સતત દેખરેખ અને નિયમિત કાર્યવાહી જરૂરી છે.

# લેઉવા પટેલ સમાજ દ્વારા તેજસ્વી પ્રતિભા સન્માન સમારોહ યોજાયો



જામનગર : રણજીતનગર સમાજ ભવન ખાતે પ્રમુખ મનસુખભાઈ રાબડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમ પ્રસંગે પૂર્વ કેબિનેટમંત્રી અને ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા કોંગ્રેસ અધ્યક્ષ મનોજભાઈ કથીરિયા, માર્કેટીંગ યાર્ડનાં ચેરમેન મુકુંદભાઈ સભાયા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમણીકભાઈ અકબરી, સમાજનાં ઉપપ્રમુખ કૈલાશભાઈ રામોલીયા, મનસુખભાઈ ભંડેરી, મંત્રી અશોકભાઈ પટેલ, સહમંત્રી રમેશભાઈ વેકરીયા, ખજાનચી કિશોરભાઈ સંઘાણી, કોર્પોરેટર સંજયભાઈ મુંગરા, પાર્થભાઈ કોટડીયા, ખ્યાતીબેન મુંગરા, દાતા મોહનભાઈ સંઘાણી, અશોકભાઈ પાંભર, દિનેશભાઈ ડાંગરીયા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રી અશોકભાઈ પટેલ દ્વારા ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં ઉપસ્થિત મહેમાનો દ્વારા દિપ પ્રાગ્ટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજ ભવન ખાતે નવનિર્મિત વિંગનાં મુખ્યદાતા મોહનભાઈ વિરજીભાઈ સંઘાણીનું ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, દિવ્યેશભાઈ અકબરી અને સમાજનાં પ્રમુખ મનસુખભાઈ રાબડીયા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી દ્વારા વિધાર્થીઓને શુભકામના પાઠવી હતી તથા વાલીઓને પોતાનાં બાળકો સાથે ૨૪ કલાકમાંથી ઓછામાં ઓછો અડધો કલાકનો સમય ફાળવવા અનુરોધ કર્યો હતો. પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે પોતાનાં વકતવ્યમાં તમામ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી તેમજ સમાજ ભવન ખાતે ચાલી રહેલ વિવિધ કાર્યોને બિરદાવી જ્ઞાતિજનોને સહકાર આપવા અપીલ કરી હતી.

પ્રમુખ મનસુખભાઈ સબડીયા દ્વારા અધ્યક્ષીય ઉદ્‌બોધન પ્રસંગે વિધાર્થીઓને શુભકામના પાઠવી મજબુત રાષ્ટ્રનાં નિર્માણકાર્યમાં જોડાવા અપીલ કરી હતી. આ સાથે સમાજ ભવન દ્વારા ચાલી રહેલ વિવિધ કાર્યોથી જ્ઞાતિજનોને માહિતગાર કર્યા હતા. ઉપરાંત ટેક્નોલોજીનાં યુગમાં મોબાઈલનો સમજદારી પૂર્વક ઉપયોગ કરવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં ૧,૭૦૦ જેટલા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમનાં અંતે આભારસ્વીધી ખજાનચી કિશોરભાઈ સંઘાણી દ્વારા કરવામાં આવી હતી.

# જામનગર જિલ્લા સહકારી બેંકની વાર્ષિક સામાન્ય સભા સંપન્ન



જામનગર : સહકારી ક્ષેત્રમાં વિશ્વાસ, વિકાસ અને આધુનિકતાનું પ્રતીક બની રહેલી ધી જામનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડની ૬૭મી વાર્ષિક સામાન્ય સભા અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ખેડૂતોના હિત, સહકારથી સમૃદ્ધિ, આધુનિક બેંકિંગ અને ભાવિ વિકાસની દિશા કેન્દ્રસ્થાને રહી હતી. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં ખેડૂત સભાસદો, શેરહોલ્ડરો, થાપણદારો, ગ્રાહકો, સહકારી મંડળીઓના પ્રતિનિધિઓ, બેંકના નિવૃત્ત અને વર્તમાન અધિકારીઓ, કર્મચારીઓ તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત બેંકના જનરલ મેનેજર તથા ઈન્ચાર્જ મુખ્ય કાર્યકારી અધિકારી ડો. મૌનિલ હાથીએ સામાન્ય સભાની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરીને કરી હતી. ત્યારબાદ વાર્ષિક હિસાબો, એજન્ડા અને અન્ય કામગીરી નિયમ મુજબ પૂર્ણ કરવામાં આવી હતી. ત્યારબાદ બેંકના ચેરમેનએ સ્વાગત પ્રવચન આપતાં જણાવ્યું હતું કે છેલ્લા ૬૭ વર્ષથી બેંક સહકાર, વિશ્વાસ અને સેવાભાવના સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને કાર્ય કરી રહી છે અને આજે તે વિકાસના નવા શિખરો સર કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે સભાસદોનો વિશ્વાસ, કર્મચારીઓની નિષ્ઠા અને સંચાલક મંડળની વિકાસલક્ષી વિચારસરણીના પરિણામે બેંક સતત મજબૂત બની રહી છે.

ચેરમેનએ જણાવ્યું હતું કે વર્ષો બાદ સભાસદોને ડિવિડન્ડ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે બેંકની મજબૂત નાણાકીય સ્થિતિનું પ્રતીક છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન બેંકે રૂ. ૨૩.૯૩ કરોડથી વધુનો ગ્રોસ નફો તથા તમામ જોગવાઈઓ અને આવકવેરા બાદ રૂ. ૪.૫૧ કરોડથી વધુનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બેંકનું કુલ બિઝનેસ રૂ. ૨,૧૫૪ કરોડને પાર પહોંચ્યું છે. કુલ થાપણો રૂ. ૧,૩૭૬.૨૯ કરોડ અને કુલ ધિરાણ રૂ. ૭૭૮.૬૫ કરોડથી વધુ રહ્યું છે.

જેમાંથી આશરે ૯૭ ટકા ધિરાણ કૃષિ અને સંલગ્ન ક્ષેત્રને આપવામાં આવ્યું છે. બેંકનું ગ્રોસ એનપીએ માત્ર ૩.૯૮ ટકા અને નેટ એનપીએ શૂન્ય ટકા રહેવું બેંકની મજબૂત નાણાકીય શિસ્તનું પ્રતિબિંબ હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષ દરમિયાન ૨૯ હજારથી વધુ નવા ખાતાઓ ખોલવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં બેંકિંગ સેવાઓને ઘરઆંગણે



પહોંચાડવા માટે ૪૦૫ બેંક મિત્રો અને ૪૦૫ માઈક્રો એટીએમ કાર્યરત કરવામાં આવ્યા છે. જિલ્લાના તમામ ગ્રામ પંચાયતોમાં બેંકિંગ ટચ પોઈન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે અને ૪૨,૧૪૧ ખેડૂત તથા પશુપાલકોને કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા છે.

ખેડૂતોના કલ્યાણ માટે લેવામાં આવેલા મહત્વપૂર્ણ નિર્ણયોની માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે સહકારી મંડળીઓ મારફતે ધિરાણ મેળવનારા સભાસદ ખેડૂતો માટેના અકસ્માત મૃત્યુ વીમા કવચને રૂ. ૫ લાખમાંથી વધારીને રૂ. ૧૦ લાખ કરવામાં આવ્યું છે. ઉપરાંત છેલ્લા બે વર્ષમાં ખેડૂત ધિરાણના વ્યાજદરમાં ૨.૫૦થી ૩ ટકા સુધીનો ઘટાડો કરીને હજારો ખેડૂત પરિવારોને સીધો લાભ પહોંચાડવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે બેંક આજે માત્ર પરંપરાગત બેંકિંગ પૂરતી મર્યાદિત નથી, પરંતુ CBS, CTS, RTGS, NEFT, NACH, ATM, ડેબિટ કાર્ડ, મોબાઈલ બેંકિંગ, ક્યુઆર પેમેન્ટ Micro ATM, SMS Aleડિજિટલ સેવાઓ દ્વારા ગ્રામ્ય ગુજરાતમાં આધુનિક બેંકિંગનું મજબૂત નેટવર્ક ઉભું કરી રહી છે. જામજોધપુર ખાતે નવું એટીએમ શરૂ કરવામાં આવ્યું છે, જ્યારે ભાણવડ અને ભાટિયા ખાતે નવા એટીએમ ટૂંક સમયમાં કાર્યરત થશે. ઉપરાંત આગામી સમયમા UPI, AEPS અને અન્ય આધુનિક ડિજિટલ સેવાઓનો વ્યાપ વધારવાની યોજના પણ તેમણે જાહેર કરી હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ ગુજરાત સરકારના રાજ્યકક્ષાના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે ધી જામનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેંક આજે સહકારી ક્ષેત્રમાં આધુનિકતા, પારદર્શિતા અને લોકવિશ્વાસનું ઉત્તમ ઉદાહરણ બની છે. ખેડૂતો સુધી ડિજિટલ બેંકિંગ સેવાઓ પહોંચાડવા, આધુનિક હેડ ઓફિસના નિર્માણ, નવી ટેક્નોલોજીના સ્વીકાર અને ગ્રામ વિકાસ માટે બેંક દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો સરાહનીય હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમજ બેન્કના ચેરમેન અને તેમની સમગ્ર ટીમને બેન્કની સેવાઓ બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન એક વાત સ્પષ્ટપણે સામે આવી હતી કે ધી જામનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેંક હવે માત્ર નાણાકીય વ્યવહારો પૂરતી મર્યાદિત સંસ્થા રહી નથી, પરંતુ ખેડૂતોના સર્વાંગી વિકાસ, ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવાના પ્રયાસો, આધુનિક ટેક્નોલોજી આધારિત બેંકિંગ અને "સહકારથી સમૃદ્ધિ" ના રાષ્ટ્રીય સંકલ્પને સાકાર કરતી અગ્રણી સહકારી સંસ્થા તરીકે નવી ઓળખ સ્થાપિત કરી રહી છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# રિલાયન્સ અન્ન સેવા, ટેક-આધારિત સંકલન સાથે યાત્રાળુ-ફ્રન્ટલાઈન વર્કર્સ માટે 'પૂરી રથયાત્રા સેવા'નો આરંભ

ભુવનેશ્વર : વાર્ષિક રથયાત્રા માટે જગન્નાથપૂરીમાં લાખો શ્રદ્ધાળુઓ એકત્ર થઈ રહ્યા છે, ત્યારે પૂરી વહીવટીતંત્ર સાથે મળીને, રિલાયન્સ 'પૂરી રથયાત્રા સેવા' ૨૦૨૬ અંતર્ગત મજબૂત ઓન-ગ્રાઉન્ડ સપોર્ટ કરી રહી છે. અન્ન સેવા, જાહેર સહાય માળખાગત સુવિધા, સ્વચ્છતા, સ્વયંસેવકોની ભાગીદારી, સામુદાયિક પહોંચ અને ટેકનોલોજી-એનેબલ્ડ સંકલનને આવરી લેતી આ પહેલની સર્વગ્રાહી રેન્જને એકસાથે લાવીને, રિલાયન્સનો આ પહેલનો ઉદ્દેશ ફ્રન્ટલાઈન સહાયને વધારવાનો અને આ પવિત્ર શહેરની મુલાકાત લેવાની અપેક્ષા રાખતા લાખો શ્રદ્ધાળુઓ માટે સલામત, સીમલેસ અને સુવ્યવસ્થિત યાત્રા સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થવાનો છે.






૧૬ જુલાઈ, ૨૦૨૬થી શરૂ થતી વાર્ષિક રથયાત્રા એક ખૂબ જ પવિત્ર તહેવાર છે જે દેશભરના શ્રદ્ધાળુઓને ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાની પવિત્ર નગરયાત્રાને જગન્નાથ મંદિરથી ગુંડિચા મંદિર સુધી જોવા માટે આકર્ષે છે. લાખો શ્રદ્ધાળુઓ માટે, તે શ્રદ્ધા, ભક્તિ અને પરંપરાની યાત્રા છે, જે આ તહેવારને ભારતના સૌથી પ્રિય આધ્યાત્મિક મેળાવડામાંનો એક બનાવે છે.


વ્યાપક સંકલન, જાહેર માળખાગત સુવિધાઓ અને યાત્રાળુઓની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા ફરજબદ્ધ કર્મચારીઓ માટે જરૂરી સહાયતાને ધ્યાનમાં રાખીને, રિલાયન્સ તેની 'વી કેર' ફિલોસોફી સાથે આ પવિત્ર યાત્રાને સુરક્ષિત, સરળ અને સુલભ બનાવવા ફ્રન્ટલાઈન વર્કર્સ અને જાહેર સેવાઓને ,સમર્થન આપવાના આ પ્રયાસમાં યોગદાન આપવા બદલ સન્માન અનુભવે છે.

"માનવસેવા એ જ પ્રભુસેવા છે. આ એવી બાબત છે જેમાં આપણે ઊંડી આસ્થા ધરાવીએ છીએ. આ વર્ષે, ખાસ કરીને આવા સમયે જ્યાં લાખો લોકો ભેગા થાય છે, ત્યાં લોકોની સેવા કરવાની અમારી લાંબા સમયની પ્રતિબદ્ધતાના આધારે, અમે પૂરીમાં લોકોની સેવા કરવાની તકને આશીર્વાદ તરીકે જોઈએ છીએ. અમે માનીએ છીએ કે રથયાત્રા દરમિયાન યાત્રાળુઓ અને કર્મચારીઓની સેવા કરીને, અમે દૈવ સેવા કરી રહ્યા છીએ. અમે ન્યૂટ્રીશન, સલામતી અને સ્વચ્છતા વધારવા માટે પ્રતિબદ્ધ છીએ, યાત્રાઓને સરળ બનાવવાની સાથે-સાથે વહીવટીતંત્રને પણ મદદરૂપ થઈ શકાય," એમ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી અનંત એમ અંબાણીએ જણાવ્યું હતું.

રિલાયન્સ ઘણા વર્ષોથી રથયાત્રા દરમિયાન સામુદાયિક સેવામાં જોડાઈ રહી છે અને દેશના સૌથી મોટા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક રીતે મહત્વપૂર્ણ મેળાવડામાં સમુદાયોની સાથે ઊભી રહી છે. સરકારી અધિકારીઓ સાથે નિકટતાથી કામ કરીને, રિલાયન્સ ફાઉન્ડેશને સમયસર, સહયોગી હસ્તક્ષેપો સાથે ખોરાક અને પીવાના સ્વચ્છ પાણીથી લઈને તબીબી સહાયતા અને પર્યાવરણીય સ્વચ્છતા સુધીની પહેલોને સમર્થન આપ્યું છે.આ વર્ષની પહેલ તે પ્રતિબદ્ધતાને આગળ ધપાવે છે કે - અનુભવથી વધુ ગહન, પહોંચમાં વિસ્તૃત અને આવા વિશ્વાસથી પ્રેરિત કે દરેક રથયાત્રા દરમિયાન સેવા આપતા યાત્રાળુઓ, પ્રવાસીઓ અને ફ્રન્ટલાઈન સર્વિસ કર્મચારીઓ સંભાળ, આરામ અને સમર્થનના હકદાર છે.

પૂરી રથયાત્રા સેવા સર્વિસ ૨૦૨૬ દ્વારા, રિલાયન્સ પૂરી વહીવટીતંત્ર, ફ્રન્ટલાઈન એજન્સીઓ, સમુદાયો અને સંસ્થાઓ સાથે મળીને જાહેર સહાયતા માળખાને મજબૂત બનાવવા અને લાખો શ્રદ્ધાળુઓ માટે સુરક્ષિત, સ્વચ્છ, વધુ સમ્મિલિત અને સુવ્યવસ્થિત યાત્રાની અનુભૂતિ કરાવવામાં મદદરૂપ થવા માટે કામ કરવાનું ચાલુ રાખે છે.

# જિલ્લાના ડેમ, તળાવમાં સૌની યોજનાનું પાણી છોડવા 'આપ'ના જિલ્લા પ્રમુખની રજૂઆત



જામનગર : જામનગર જિલ્લામાં ચાલુ વર્ષે વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે. આ સંજોગોમાં જિલ્લાના સૌની યોજના લીંક-૧ અને લીંક-૩ હેઠળના ડેમો, તળાવો, ચેકડેમોમાં પાણી છોડવા આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ વશરામભાઈ રાઠોડે રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી રજૂઆત કરી છે.

ચાલુ વર્ષે વરસાદ ખેંચાવાને કારણે અથવા અપૂરતા વરસાદને લીધે ખેડૂતોનો કિંમતી ઊભો પાક સુકાઈ જવાને આરે છે. જો આગામી દિવસોમાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી નહીં મળે, તો મોંઘા ભાવના બિયારણ, ખાતર અને રાત-દિવસની મહેનત નિષ્ફળ જશે, જેનાથી જગતનો તાત આર્થિક પાયમાલી તરફ ધકેલાઈ જશે.

જામનગર જિલ્લાના જોડીયા, જામનગર, ધ્રોલ, કાલાવડ, લાલપુર અને જામજોધપુર તાલુકાના હજારો ખેડૂતોના કૃષિ પાકને જીવતદાન આપવા માટે 'સૌની યોજના' આશીર્વાદરૂપ બની શકે તેમ છે. સૌની યોજના લિંક-૧ અને લિંક-૩ અંતર્ગત ઊંડ-૧, ઊંડ-૨, ઊંડ-૩, ઊંડ-૪ ડેમ, કંકાવટી ડેમ, આજી-૩, આજી-૪ ડેમ, સપડા ડેમ, રૂપારેલ ડેમ, સસોઈ ડેમ, રણજીતસાગર ડેમ, રંગમતી ડેમ, વીજરખી ડેમ અને વોડીસાંગ ડેમમાં નર્મદા ના પાણી છોડવા માંગણી કરવામાં આવી છે.

# મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી યોજનાનો લાભ મેળવવા અરજી કરી શકાશે

જામનગર : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૩૦-૩૧ સુધીમાં કપાસની ઉત્પાદકતા વધારીને કપાસનું કુલ રાષ્ટ્રીય ઉત્પાદન વધારવાનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ થી વર્ષ ૨૦૩૦-૩૧ સુધીના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન "મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી" (કપાસ ક્રાંતી) યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. ગુજરાતમાં કપાસ હેઠળના વાવેતર વિસ્તારમાં વધારો કરવાના હેતુથી ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે ગુજરાત રાજ્ય માટે કુલ રૂ. ૧૩૪.૮૦ કરોડની બજેટ જોગવાઈ સાથે ૧.૦૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં નિદર્શનોના આયોજન કરવા લક્ષ્યાંક ફાળવેલ છે.

યોજના અંતર્ગત કપાસનું વાવેતર કરતાં ગુજરાતના કુલ ૨૧ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે. આ યોજનામાં નિદર્શન ઘટક હેઠળ (Closer Spacing Technology - CST) નિદર્શન માટે પ્રતિ હેક્ટર રૂ. ૧૪,૦૦૦ તેમજ સંકલિત પાક વ્યવસ્થાપન પદ્ધતિ (Integrated Crop Management - ICM) માટે પ્રતિ હેક્ટર રૂ. ૭,૫૦૦ સહાય તેમજ ખેડૂતોની ક્ષમતાનિર્માણ માટે તાલીમ કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જે ખેડૂત ચાલુ વર્ષે કપાસનું ૯૦-૩૦ સેમી. અંતરે વાવેતર કરેલ છે તેમણે Closer Spacing (CS) નિદર્શન ઘટકનો લાભ લેવા માટે તેમજ ૯૦-૬૦ સેમી.ના અંતરે કપાસનું વાવેતર કરેલ છે તેવા ખેડૂત મિત્રો Integrated Crop Management (ICM) practices ઘટકનો લાભ લેવા માટે -ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકાશે.

કપાસનું વાવેતર કરી આત્મનિર્ભર બનવાની સરકારની આ પહેલનો લાભ મેળવી "સૌનો સાથ થકી સૌનો વિકાસ" થાય તે માટે કપાસનું વાવેતર કરતાં જામનગરના ખેડૂતોને આ યોજનાનો લાભ લેવા માટે આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કરવા મદદનીશ ખેતી નિયામક જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

જામનગર : સ્વચ્છતા પખવાડિયા-૨૦૨૬ના ઉપક્રમે રાષ્ટ્રીય સાંખ્યિકી કચેરી, ઉપ-પ્રાદેશિક કચેરી, જામનગર દ્વારા એસ.વી.ઈ.ટી. (જીફઈ) કોલેજ, જામનગર ખાતે વૃક્ષારોપણ તથા પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન સહાયક નિયામક શોભ રાજની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને અધિકૃત આંકડાશાસ્ત્રના મહત્વ, વૈજ્ઞાનિક પદ્ધતિથી આંકડાઓના સંગ્રહ તેમજ દેશના વિકાસ અને નીતિ નિર્માણમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.




આ પ્રસંગે સ્વચ્છતા પખવાડિયાના હેતુઓ, પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને વૃક્ષારોપણના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રકૃતિના સંરક્ષણ માટે જવાબદારીપૂર્વકની ભૂમિકા નિભાવવા તેમજ સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત જીફઈ કોલેજ પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ લોકોએ રોપાયેલા વૃક્ષોની જાળવણી અને નિયમિત સંભાળ રાખવાનો સંકલ્પ લીધો હતો. ઉપરાંત, રાષ્ટ્રીય સાંખ્યિકી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓને પણ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ દરેક પરિવારે ઓછામાં ઓછો એક છોડ વાવી તેની સંભાળ રાખે તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો. "હર ઘર એક છોડ"ના સંદેશ સાથે હરિત, સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી ભારતના નિર્માણ માટે જનભાગીદારીનું આહ્વાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રાષ્ટ્રીય સાંખ્યિકી કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ એસ.વી.ઈ.ટી. કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# જામનગરમાં ડીપી કપાતની કામગીરી અંગે સ્થળ નિરીક્ષણ કરતા કમિશનર

જામનગર : જામનગર શહેરમાં માર્ગ વ્યવસ્થા અને શહેરી વિકાસના કામોને ગતિ આપવા માટે ચાલી રહેલી ડીપી કપાત કામગીરીનું આજે મહાનગરપાલિકાના કમિશનર દિપેશ કેડિયાએ સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન ગોકુલનગર સર્કલથી લઈને હરિયા કોલેજ અને ત્યાંથી સાંઢિયા પુલ સુધીના વિસ્તારમાં ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. કમિશનર દિપેશ કેડિયા, અધિકારીઓ પાસેથી કામગીરીની પ્રગતિ, બાકી રહેલા કાર્યની તેમજ સ્થળ પરની વિવિધ બાબતો અંગે માહિતી મેળવી જરૂરી સૂચનાઓ આપી હતી. આ પ્રસંગે આસિસ્ટન્ટ કમિશનર મુકેશ વરણવા તથા સિટી એન્જિનિયર ભાવેશ જાની પણ ઉપસ્થિત રહ્યા હતા.



તસવીરઃ સુનિલ ચુડાસમા



# દ્વારકા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ચાંદીપુરા વાયરસનો ચેપ અટકાવવા મહત્વની જાણકારી

દ્વારકા : દ્વારકા જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવ્યું છે કે પંદર વર્ષથી નાના બાળકોમાં ફેલાતો ચાંદીપુરા વાયરસના ચેપને અટકાવવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગંભીરપણે કામગીરી કરી રહયું છે. આ વાયરસના ચેપને અટકાવવા માટે વિશેષ ટીમો સક્રિય રીતે મોનીટરીંગ કરી રહી છે.

આ વાયરસથી ગભરાવવાની જરૂર નથી. પરંતુ સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે. રાજય સરકારના આરોગ્ય વિભાગે ચાંદીપુરા વાયરસની જાગૃતિ અંગે માર્ગદર્શિક પણ જાહેર કરી છે. કાચા ઘરોની દીવાલોની તિરાડો અને છીદ્રમાં આ ચેપ ફેલાવતી ઘાતક સેન્ડફલાય માખીઓ વિકસે છે. ચાંદીપુરા વાયરસ સેન્ડફલાય નામની અત્યંત નાની માખી કરડવાથી ફેલાય છે.

આ રોગમાં બાળકને શરૂઆતમાં અચાનક તીવ્ર તાવ આવે છે. તાવ આવ્યા બાદ સતત ઝાડા-ઉલ્ટી થવી, શરીરમાં ખેંચ આવવી જેવા લક્ષણો જોવા મળે છે.પરિસ્થિતિ વધુ બગડતા બાળક અર્ધબેભાન કે સંપૂર્ણ બેભાન થઈ શકે છે. આ લક્ષણો એટલા ઝડપી અને ઘાતક હોય છે કે જો આવા લક્ષણો દેખાયાના ૨૪ થી ૪૮ કલાકની અંદર તાત્કાલિક તબીબી સારવાર ન મળે તો બાળકનું મૃત્યુ થવાનું જોખમ પણ રહેલું છે.

આ વાયરસથી રક્ષણ માટે ઘરની અંદર અને બહારની દીવાલોની તિરોડો અને છીદ્રોને સિમેન્ટ કે માટીથી પુરી દેવા. ઘરમાં પુરતો સૂર્યપ્રકાશ અને હવા-ઉજાસ મળી રહે તેવી વ્યવસ્થા કરો. બાળકોને ખુલ્લા શરીરે ઘરની બહાર ધૂળ /માટીમાં રમવા દેવા નહી. ચેપ ફેલાવતી માખીઓ આ જગ્યાઓએ વધુ સક્રીય હોય છે. લક્ષણો જણાય ત્યારે ઘરગથ્થુ ઉપચારમાં બિલકુલ સમય બગાડવો નહી અને તબીબી સહાય મેળવવી જોઈએ તેમ એક યાદીમાં જણાવાયું છે.

# જામનગરમાં મોબાઈલની આઈ.ડી. પર ક્રિકેટનો સટ્ટો રમાડતો શખ્સ ઝડપાયો

જામનગર : જામનગર શહેરના ખોડીયાર કોલોની વિસ્તારમાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટાબાજી ચલાવતાં એક યુવકને સિટી 'સી' ડિવિઝન પોલીસના સર્વેલન્સ સ્ક્વોડે ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી રૂ. ૧,૬૦૦ની રોકડ રકમ અને રૂ. ૭૦,૦૦૦ કિંમતનો એપલ કંપનીનો મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૭૧,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જ્યારે માસ્ટર આઈ.ડી. પૂરી પાડનાર સહિત અન્ય આરોપીઓને પોલીસે વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ ભરતસિંહ જાડેજાની ફરિયાદના આધારે નોંધાયેલા ગુના મુજબ, સર્વેલન્સ સ્ક્વોડ પેટ્રોલિંગમાં હતું ત્યારે ખાનગી બાતમી મળી હતી કે ખોડીયાર કોલોની મેઈન રોડ પર શેલ પેટ્રોલ પંપ પાસે એક વ્યક્તિ હાલમાં ચાલી રહેલી ઝિમ્બાબ્વે-બાંગ્લાદેશ ક્રિકેટ મેચનું લાઈવ પ્રસારણ જોઈ મોબાઈલ મારફતે સેશન તથા મેચના હારજીતના સોદા કરાવી ક્રિકેટ સટ્ટો ચલાવી રહ્યો છે. તેવી

બાતમીના આધારે દરોડો પાડતાં આરોપી અંકુર મનોજભાઈ પરમાર (ઉ.વ. ૨૯, રહે. ખોડીયાર કોલોની, દ્વારકેશધામ એપાર્ટમેન્ટ, જામનગર) ઝડપાયો હતો. તેના મોબાઈલ ફોનની તપાસ દરમિયાન પારકર-૭૭૭ નામની માસ્ટર આઈ.ડી. મળી આવી હતી, જેમાં લાખો રૂપિયાનું બેલેન્સ દર્શાવતું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું.

પૂછપરછ દરમિયાન આરોપીએ આ માસ્ટર આઈ.ડી.માંથી અલગ-અલગ ગ્રાહકોને જુગાર રમવા માટે આઈ.ડી. આપ્યાનું તેમજ અમદાવાદના અભિષેક રાજાણી, તેમજ તેનો એક મિત્ર અને વિશાલ ભારડદીયા સહિત અન્ય વ્યક્તિઓને જુદી જુદી મર્યાદાના બેલેન્સ સાથે આઈ.ડી. ફાળવ્યાનું કબૂલ્યું હોવાનું ફરિયાદમાં નોંધાયું છે.

મોબાઈલના સ્ટેટમેન્ટમાં ઝિમ્બાબ્વે-બાંગ્લાદેશ મેચ ઉપરાંત અન્ય ક્રિકેટ મેચોના સોદા થયાના પુરાવા પણ મળ્યા હોવાનું પોલીસે જણાવ્યું છે.

# અલિયા ગામે વાડી વિસ્તારમાં વીજ ધાંધિયાથી પાક નિષ્ફળ જવાની ભીતિ

જામનગર : જામનગર તાલુકાના અલિયા ગામના વાડી વિસ્તારમાં લાંબા સમયથી વીજળીના વારંવાર ફોલ્ટ થવાની ગંભીર સમસ્યા સામે આવી છે. આશરે ૧૦,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા આ ગામના મોટાભાગના પરિવારો ખેતી સાથે સંકળાયેલા છે. હાલ વાવણીની સિઝન પૂર્ણ થઈ ગઈ છે અને વરસાદ ખેંચાતા પાકને બચાવવા કૂવા કે બોર દ્વારા પિયત કરવું અનિવાર્ય બન્યું છે. જોકે, વીજ કંપનીની બેદરકારીને કારણે ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

સરકાર દ્વારા ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણમાં ૮ થી ૧૦ કલાક વીજળી આપવાની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ અલિયા ગામના ખેડૂતોનો આક્ષેપ છે કે તેમને એક દિવસ પણ પૂરતી વીજળી મળતી નથી. બોર અને કૂવામાં પૂરતું પાણી ઉપલબ્ધ હોવા છતાં, વીજળીના અભાવે ખેડૂતો પોતાના ઊભા પાકને પાણી પાઈ શકતા નથી, જેના પરિણામે લાખો રૂપિયાનો પાક નિષ્ફળ જવાની આરે છે. આ ગંભીર બાબતે સ્થાનિક ખેડૂતો દ્વારા ગત તારીખ ૨૨/૯/૨૦૨૫ના રોજ ફલ્લા ખાતે આવેલા નાયબ કાર્યપાલક ઈજનેર (ડેપ્યુટી ઈજનેર)ને રૂબરૂ મળીને લેખિત તથા મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતાં આજ દિન સુધી આ સમસ્યાનું કોઈ નિરાકરણ આવ્યું નથી. ઉલટાનું, ફલ્લા ડેપ્યુટી ઈજનેર તેમજ ત્યાંના કર્મચારીઓ દ્વારા રજૂઆત કરવા આવતા ખેડૂતો સાથે વારંવાર ગેરવર્તન કરવામાં આવતું હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠી છે.

## મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ યોજાયો કાર્યક્રમ

# સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા 'નિપુણ ગુજરાત' એપ્લિકેશનનું કરાયું લોન્ચિંગ

જામનગર : ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અમલમાં મુકાયેલા 'નિપુણ ગુજરાત અભિયાન' અંતર્ગત ત્રિવર્ષીય શૈક્ષણિક આયોજનને વધુ અસરકારક બનાવવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, જામનગર દ્વારા મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. ધોરણ ૧ થી ૮ના અંદાજે ૧૩,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન અને ગણન કૌશલ્યનો સર્વાંગી વિકાસ થાય તેમજ શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર વધારો થાય તે હેતુથી 'નિપુણ ગુજરાત' એપ્લિકેશનનું લોન્ચિંગ કરવામાં આવ્યું.





અંગ્રેજી માધ્યમ શાળામાં યોજાયેલા આ કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ શિક્ષકોને પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન પરસોત કકનાણી, શાસનાધિકારી ફાલ્ગુનીબેન પટેલ, રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચંદ્રકાંત ખાખરીયા, સમિતિના હોદ્દેદારો, સીઆરસી કો-ઓર્ડિનેટરો તેમજ વિવિધ શાળાના આચાર્યો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સરકારના શિક્ષણમંત્રી અને શિક્ષણ સચિવના માર્ગદર્શન હેઠળ યોજાયેલી સમીક્ષા બેઠકના અનુસંધાનમાં આ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શિક્ષકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ, વિદ્યાર્થીઓના શૈક્ષણિક મૂલ્યાંકન અને અભ્યાસને વધુ અસરકારક બનાવવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે જણાવાયું હતું કે, 'નિપુણ ગુજરાત' એપ્લિકેશનના ઉપયોગથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે તેમજ આગામી પરખ સર્વેક્ષણમાં જામનગરની શાળાઓનું પ્રદર્શન વધુ ઉત્તમ બને તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો. ઉલ્લેખનીય છે કે આ એપ્લિકેશનના નિર્માણમાં શિક્ષક પરેશભાઈ સાહત્યા, સંજયભાઈ મેશિયા અને સંજયભાઈ ચાંદ્રા સહિતની ટીમે મહત્વપૂર્ણ જહેમત ઉઠાવી છે.

# જામનગરના બંદરો પર માછીમારી બોટની પાર્કિંગની વ્યવસ્થા કરવા મુખ્યમંત્રીને રજુઆત

જામનગર : રાજયભરમાં હાલ ચોમાસાને લઈને ત્રણ મહિના સુધી માછીમારી પર પ્રતિબંધ હોવાથી જામનગર જિલ્લાના બંદરો પર આશરે ૫૦૦ જેટલી માછીમારી બોટો રાખવા માટે પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી માછીમારો ભારે મુશ્કેલી અને આર્થિક નુકસાનનો સામનો કરી રહ્યા છે.



આથી બોટો માટે સુરક્ષિત પાર્કિંગ સહિત બંદરો પર સુવિધાઓ વિકસાવવાની માંગ સાથે જામનગર માછીમાર એસો.ના પ્રમુખ અનવર સંઘાર દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરાઈ છે.

રજુઆતમાં જણવાયા અનુસાર જામનગરના દરિયા કિનારે બોટો રાખવા માટે પાર્કિંગ કે ખુલ્લા પ્લોટની વ્યવસ્થા ન હોવાથી માછીમારો પોતાની કિંમતી બોટો દરિયાકિનારે અથવા અસુરક્ષિત સ્થળોએ રાખવા મજબુર બને છે પરિણામે બોટોને નુકસાન થવાની ભીતિ રહે છે. બીજી તરફ જામનગર જીએમબી વિભાગ દ્વારા લાંબા સમયથી કાદવ-કિચડ દૂર કરવાની કામગીરી ન થતાં બોટો કાદવમાં ફસાઈ જાય છે અથવા દરિયાઈ પાણીની થપાટે એકબીજા સાથે અથડાતી હોવાથી નુકસાન થાય છે. આ ઉપરાંત જેટી વિસ્તારમાં રેલવે પાટા માટે માટી અને મોરમ નાખવામાં આવી હોવાથી હવે બોટો પાર્ક કરવા માટે પૂરતી જગ્યા રહી નથી. બંદર સહિતના કેટલાક સ્થળોએ મરીન અને ગુજરાત મેરીટાઈમ બોર્ડના સત્તાવાળાઓ દ્વારા બોટો ઉભી રાખવા દેવામાં આવતી ન હોવાનો પણ આક્ષેપ કરાયો છે. બંદરો પર પીવાના પાણી, શૌચાલય અને પૂરતી લાઈટ સહિતની સુવિધાઓનો પણ અભાવ હોવાથી માછીમારો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેમ રજૂઆતના અંતમાં જણાવાયું છે.

# નવસ્વરૂપ ઈથેરિયલ કોર દ્વારા આજે નિઃશુલ્ક સેમિનાર

જામનગર : જામનગર શહેર ખાતે આપણાં રોજીંદા જિંદગીમાં મુંઝવતા પ્રશ્નોની, મનની શાંતી માટેનાં નિરાકરણ/સોલ્યુશન માટેનો ઓલ્ટરનેટિવ થેરાપીનો સાત દિવસ નિઃશુલ્ક (ફ્રી) સેમિનાર યોજવામાં આવ્યો છે. જેનો લાભ લેવા માટે જણાવેલ સ્થળ ઉપર સંપર્ક કરો. હર્ષલ દવે મો. : ૯૮૨૪૩૬૯૯૫૪, રહે. : ૯૫/૨, ગોકુલધામ સોસાયટી મેઈન રોડ શેરી નં. ૪/એ, પટેલ કોલોની ૧૧ના છેડે, જામનગર. જે તા. ૧૬/૭/૨૦૨૬ થી સાંથે ૫ થી ૭ દરમ્યાન શરૂ થવા જઈ રહ્યો છે.

# દ્વારકા જગતમંદિરે રથયાત્રા ઉત્સવ ધામધૂમથી ઉજ્વાયો

## શરણાઈ બેન્ડવાજાના તાલે ધાર્મિક ભજનો સાથે ઠાકોરજીના બાલસ્વરૂપને ચાંદીના રથમાં મંદિર પટાગણમાં ચાર પરીક્રમા કરાવાઈ, ભાવિકો ઠાકોરજીનો રથ ખેંચી ભાવ વિભોર બન્યા



તસવીર: અશોક ભાતેલીયા

દ્વારકા : યાત્રાધામ દ્વારકા જગત મંદિર ખાતે અષાઢી બીજની પૂર્વ સંધ્યાએ સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી રથયાત્રા ઉત્સવની ભક્તિભાવ પૂર્વક પુજારી પરીવાર અને ભાવિકોની ઉપસ્થિતિમાં ઉજવણી કરાઈ હતી. ઠાકોરજીના બાલસ્વરૂપને ચાંદીના રથમાં બેસાડી બેન્ડવાજા તેમજ શરણાઈના શુરોના ધાર્મિક ભજનો સાથે જગત મંદિર પટાગણમાં ચાર પરીક્રમાં કરાવામાં આવી હતી. દરેક પરિક્રમાં પૂર્ણ થયા બાદ ઠાકોરજીને ભોગ સામગ્રી તેમજ વિશેષ મહા આરતી કરવામાં આવી હતી. શ્રીજીની ચોથી અંતિમ પરિક્રમા પૂર્ણ થયા બાદ શ્રીજીના રથને મંદિર પટાગણમાં દેવકીજીના મંદિર પાસે આવેલ અને સ્થંભમાં રથ અથડાવામાં આવ્યો હતો. આ ધાર્મિક પ્રસંગે શ્રીજીને ચાંદીના દિવ્ય રથ પર યાત્રા કરાવાનું સવિશેષ મહત્વ હોય છે. જેમા પુજારી પરીવાર અને સંખ્યાબંધ ભાવિકો ભગવાનનો રથ ખેંચી ભાવ વિભોર બન્યા હતા.

# દ્વારકાના મંદિરમાં ડુપ્લીકેટ રાજ્ય સેવકે ભક્તોને વી.આઈ.પી. દર્શન કરવી રૂપિયા ખંખેર્યા

## બનાવટી ઓળખપત્ર બનાવી આર્થિક લાભ માટે ગુન્હો આચરતા પોલીસમાં ફરિયાદ

દ્વારકા : દ્વારકા શહેરમાં આવેલા જગ વિખ્યાત જગતમંદિરે એક શખ્સે પોતે રાજ્ય સેવક નહી હોવા છતાં બનાવટી ઓળખપત્રના આધારે પોતાનો અંગત લાભ મેળવવા કેટલાક લોકોને વી. આઈ. પી. દર્શન કરાવતા ભાંડો ફુટતા જિલ્લાના ડેપ્યુટી રજીસ્ટ્રાર દ્વારા સ્થાનિક પોલીસ દફતરે તેની સામે વિધિવત ગુન્હો દાખલ કરાવવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકાના સુપ્રસિદ્ધ જગતમંદિરે પી એલ. વી. તુલસીભાઈ નકુમ નામના શખ્સે પોતાના આર્થિક લાભ લેવાના હેતુથી અને પોતે રાજ્યસેવક નહી હોવા છતાં ખોટી ઓળખ આપી, ઢોંગ કરી કેટલાક દર્શનાર્થીઓને વી. આઈ. પી. દર્શન કરાવેલ એટલુ જ નહી આ શખ્સે ભારત સરકારના સતાવાર રાજ્ય પ્રતિક ( અશોક સ્તંભ ) છાપેલ બનાવટી આઈડી બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરતા દ્વારકા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના ડેપ્યુટી રજીસ્ટ્રાર ઉદયપાલસિંહ જાડેજા દ્વારા પી.એલ. વી. તુલસીભાઈ નકુમ સામે દ્વારકા પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા પી. એસ. આઈ. એન. એસ. ગોહિલ આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# કોલવા ગામે ટાંકામાંથી પાણી ભરતી વેળાએ પડી જતા વૃદ્ધાનું મોત

ખંભાળિયા : ખંભાળિયા પંથકના કોલવા ગામે વાડી વિસ્તારમાં રહેતા વૃદ્ધા ટાંકામાંથી પાણી ભરવા જતી વેળાએ પગ લપસતા અને પડી જતા શરીર માથાના ભાગમાં ગંભીર ઈજાના કારણે મોતને ભેટ્યા હતા આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ ખંભાળિયા તાલુકાના કોલવા ગામમાં લાખાભાઈ દેવાભાઈ કરમુરની વાડીમાં રહેતા વનતા બેન જીવણભાઈ કાથુર નામના ૭૦ વર્ષના આદિવાસી વૃદ્ધા ગત તા. ૧૪ ના રોજ વાડીમાં આવેલ પાણીના ટાંકામાંથી પાણી ભરવા જતા હોય દરમિયાન એકાએક પગ લપસતા તેઓ નીચે પડી ગયા હતા આથી માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલ ખાતે ટૂંકી સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની ખંભાળિયા પોલીસ દફતરે રવિનાબેન સુરેશભાઈ કાથુર દ્વારા જાણ કરવામાં આવતા હે. કો. બી. એમ. ગોજીયાએ સ્થળપર દોડી જઈ વધુ તપાસ આરંભી હતી.

# સપડા-મીયાત્રા રોડ પર ટ્રેક્ટરચાલક ખેડૂત પર ત્રણ શખ્સોનો હુમલો

જામનગર : જામનગર તાલુકાના સપડા ગામથી મીયાત્રા જવાના કાચા માર્ગ પર ટ્રેક્ટરચાલક ખેડૂત પર હુમલો કરી ઈજાઓ પહોંચાડવાના બનાવમાં ત્રણ શખ્સો સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. હુમલામાં ફરિયાદીને લોખંડના પાઈપ અને લાકડાના ધોકાથી માર મારવામાં આવ્યો હતો, જેમાં તેમના જમણા હાથમાં ફ્રેક્ચર તથા જમણા પગના ગોઠણમાં ઈજા પહોંચી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગર નજીક મીયાત્રા ગામના રહેવાસી અને ખેતીકામ કરતા પ્રવીણસિંહ રણજીતસિંહ કેર ૧૦ જુલાઈના રોજ સપડા ગામે ખેડૂતોના ખેતરમાં ટ્રેક્ટર દ્વારા મગફળી અને ડુંગળીનું વાવેતર કર્યું હતું. સાંજે તેઓ ટ્રેક્ટર લઈને પોતાના ગામ પરત ફરી રહ્યા હતા. ત્યારે સપડાની ગોળાઈથી મીયાત્રા જવાના કાચા માર્ગ પર મોટરસાયકલ પર આવેલા સપડા ગામના અનિરુદ્ધસિંહ ઉર્ફે અનીયો ભુપતસિંહ દેદા, જયેન્દ્રસિંહ કનકસિંહ જાડેજા અને ચિરાગ રાવલે તેમનું ટ્રેક્ટર અટકાવ્યું હતું.

દરમ્યાન અનિરુદ્ધસિંહે ફરિયાદી સાથે ઝપાઝપી કરી પોતાની પાસે રહેલા લોખંડના પાઈપ વડે જમણા પગ પર ઘા કર્યો હતો. ત્યારબાદ ચિરાગ રાવલે લાકડાના ધોકાથી જમણા હાથના પોચા પર પ્રહાર કર્યો હતો, જ્યારે જયેન્દ્રસિંહે લાતો મારી હુમલામાં સાથ આપ્યો હતો. હુમલા દરમિયાન ફરિયાદીએ બુમાબુમ કરતાં હુમલાખોરોથી બચવા ટ્રેક્ટર લઈને ત્યાંથી નીકળી ગયા હતા.

થોડે આગળ લાલાભાઈ ખોડાભાઈ કરમુરની વાડીમાં પહોંચી તેમણે તેમના મોબાઈલ ફોનથી પોતાના ભાઈ દિલીપસિંહને જાણ કરી હતી. ત્યારબાદ ૧૧૨ ઈમરજન્સી સેવામાં પણ ફોન કરીને ફરિયાદીને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા,

આ બનાવ અંગે પ્રવિણસિંહ કેરએ ફરિયાદ નોંધાવતા પોલીસે અનિરુદ્ધસિંહ ઉર્ફે અનીયો ભુપતસિંહ દેદા, જયેન્દ્રસિંહ કનકસિંહ જાડેજા અને ચિરાગ રાવલ સામે જાહેરનામાના ભંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડના મોટા વડાળા ગામે આંચકીએ પરિણીતાનો ભોગ લીધો

## ભોજન લેતી વેળાએ અચાનક આંચકી ઉપડતાં મોત નિપજ્યુ, પરિવારમાં અરેરાટી

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટાવડાળા ગામમાં રહેતી એક પરિણીતાને અચાનક આંચકી ઉપડતા તેણીનું મૃત્યુ નિપજતાં પરિવારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. બનાવની જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, કાલાવડ તાલુકાના મોટાવડાળા ગામે રહેતા નીતીનભાઈ ધીરજભાઈ કોટડીયાની પત્ની આરતીબેન (૨૮)ને તા. ૧૪ જુલાઈની રાત્રે પોતાના ઘરે જમતા હતા ત્યારે અચાનક તેમને આંચકી આવી હતી. પરિવારજનોએ તાત્કાલિક સારવાર માટે તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે મૃતકના પતિ નીતિનભાઈ કોટડીયાએ પોલીસને જાણ કરતા કાલાવડ ગ્રામ્ય પોલીસ રાજકિત દોડી જઇ મૃતદેહનો કબ્જો સાંભળી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મુંગણી ગામે મિલકતના વિવાદમાં યુવાન પર કુટુંબના ત્રણ શખ્સોનો હુમલો

## જેઠ, જેઠાણી અને ભત્રીજાએ ભાલા, પાઈપ અને લાકડી વડે હુમલો કરતા યુવાન ગંભીર રીતે ઘાયક

જામનગર : જામનગર તાલુકાના મુંગણી ગામમાં મિલકતના વિવાદને લઈને એક જ પરિવારના સભ્યો વચ્ચે થયેલા ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં યુવાન પર ભાલા જેવા તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા કિરીટસિંહ રણજીતસિંહ કંચવાને પ્રથમ સિક્કા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા,

આ અંગે કિરીટસિંહની પત્ની તેજલબા કિરીટસિંહ કંચવાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના જેઠ મહીપતસિંહ રણજીતસિંહ કંચવા અવારનવાર મકાન ખાલી કરવા દબાણ કરતા અને આ બાબતે પરિવાર સાથે ઝઘડા કરતા હતા. ઉપરાંત અન્ય એક દુકાનને ભાડે આપવા મુદ્દે પણ બંને પક્ષ વચ્ચે મનદુઃખ ચાલતું હતું.

દરમ્યાન ૧૪ જુલાઈની સાંજે મહીપતસિંહે બંને ઘરની વચ્ચેની દિવાલ પર ચડી પરિવારને ગાળો આપી મકાન ખાલી કરવાની ધમકી આપી હતી. બાદમાં રાત્રે કિરીટસિંહ સમજાવવા માટે બહાર નીકળતા મહીપતસિંહ ભાલા જેવા તીક્ષ્ણ હથિયાર સાથે, તેમની પત્ની વર્ષાબા લોખંડના પાઈપ સાથે અને પુત્ર જયવિરસિંહ લાકડી સાથે આવી પહોંચ્યા હતા. અને મહીપતસિંહે કિરીટસિંહના પેટના ભાગે ભાલાથી ઘા ઝીક્યો હતો, જ્યારે વર્ષાબાએ માથામાં લોખંડના પાઈપથી હુમલો કર્યો હતો અને જયવિરસિંહે લાકડી વડે શરીરના વિવિધ ભાગોમાં માર માર્યો હતો. હુમલામાં કિરીટસિંહ લોહીલુહાણ થઈ જમીન પર ઢળી પડ્યા હતા. આસપાસના લોકો વચ્ચે પડી તેમને બચાવ્યા હતા, જ્યારે આરોપીઓ સ્થળ પરથી નાસી છૂટ્યા હતા.

બાદમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે કિરીટસિંહને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે તેજલબા કંચવાએ ફરિયાદ નોંધાવતા પોલીસે જેઠ મહીપતસિંહ રણજીતસિંહ કંચવા, જેઠાણી વર્ષાબા મહીપતસિંહ કંચવા અને તેમના પુત્ર જયવિરસિંહ મહીપતસિંહ કંચવા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકાના રાંગાસરમાંથી દારૂની ૬૦ બાટલી મળી આવી, આરોપી ફરાર

દ્વારકા : દ્વારકા તાબેના રાંગાસર વાડી વિસ્તારમાં પોલીસે બાતમી મળતા દરોડો પાડી બાવળની ઝાળીમાં છુપાવેલ ઈંગ્લિશ દારૂની ૬૦ નંગ બાટલીઓ મળી આવતા કબ્જે લઈ એક શખ્સ સામે ગુન્હો નોંધી ફરાર થઈ જતા તેની શોધખોળ આદરી છે.

મળતી માહિતી પ્રમાણે દ્વારકા તાલુકાના નાગેશ્વર તરફ જતા રોડ પર રાંગાસર વાડી વિસ્તારમાં રહેતા ડુંગરભા ઉર્ફે બાડો ગગુભા માણેક નામના શખ્સે બાવળની ઝાળીમાં ભારતીય બનાવટની અલગ - અલગ બ્રાન્ડની ઈંગ્લિશ દારૂની ૬૦ નંગ બાટલીઓ છુપાવેલ હોઈ જે જિલ્લાની એલસીબી પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી સોધી કાઢી હતી જોકે દરોડા દરમિયાન તે નાસી જતા રૂ. ૬૬ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ મીઠાપુર પોલીસ દફતરે ફરિયાદ દાખલ કરાવી આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# કાલાવડ-રણુજા માર્ગે રીક્ષા અને બાઈક વચ્ચેના અકસ્માતમાં ચાલકનું મોત

## બાઈક પાછળ બેસેલ મહિલા સહિત બે વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ-રણુજા હાઈવે પર શીતલ યુનિવર્સલ કારખાના નજીક સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં એક યુવાનનું કરુણ મૃત્યુ નીપજ્યું છે, જ્યારે બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી છે. આ બનાવ અંગે કાલાવડ ટાઉન પોલીસે સીએનજી રિક્ષાના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ, મધ્યપ્રદેશના મૂળ વતની અને હાલ જામનગર તાલુકાના ધુતારપર ગામે રહેતા સુનીલભાઈ રુમસીંગ તડવી (૩૨)ના ભાઈ અનિલભાઈ રુમસીંગ તડવી (૩૦) તેમના હોન્ડા સીડી ડીલક્સ મોટરસાયકલ (રજી. નં. જીજે-૧૦-સીઆર-૩૦૯૪) પર કાલાવડથી ધુતારપર જઈ રહ્યા હતા. તેમની પાછળ બીંદુબેન કરણભાઈ મોરે બેઠા હતા.

કાલાવડ-રણુજા હાઈવે પર શીતલ યુનિવર્સલ કારખાના નજીક પહોંચતા સામે તરફથી આવતી સીએનજી રિક્ષા (રજી. નં. જીજે-૧૦-ટીડબલ્યુ-૩૫૩૧)ના ચાલકે પોતાની રિક્ષા પૂરઝડપે, બેદરકારીપૂર્વક અને ગફલતભરી રીતે હંકારી મોટરસાયકલ સાથે ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માતમાં અનિલભાઈ રુમસીગ તડવીને માથા તેમજ શરીરના વિવિધ ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે મોટરસાયકલ પાછળ બેઠેલા બીંદુબેન કરણભાઈ મોરે તથા રિક્ષામાં મુસાફરી કરી રહેલા દિનેશભાઈ રવજીભાઈ પરમારને પણ માથા તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનમાં સીએનજી રિક્ષાના ચાલક સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તેમજ મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭ અને ૧૮૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. વધુ તપાસ કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એલ. બારસીયા ચલાવી રહ્યા છે.

# જામનગરમાં વેપારીએ સાચવવા આપેલા રુ. ૫ લાખના દાગીના ભાભી ઓળવી ગયા

## ૨૦૧૮માં વેપારીના ઘર નજીક ચોરીની ઘટના બનતા સલામતિ માટે આપેલ દાગીના ભાભીએ દિકરીને આપી દીધા

જામનગર : જામનગરના ગણેશ ફરી વિસ્તારમાં રહેતા વેપારી પાસેથી તેની દીકરીના આશરે રૂ. ૫ લાખ રૂપિયાની કિંમતના સોનાના દાગીના સાચવવાના બહાને લઈ જઈ ભાભી સહિતનાઓએ પરત ન આપી વિશ્વાસઘાત કર્યાનો કિસ્સો નોંધાયો છે. આરોપી ભાભીએ દાગીના પરત આપવાના બદલે દાગીના પોતાની દીકરીને આપી દીધાના આરોપ સાથેની ફરિયાદ નોંધાતા પોલીસ દોડતી થઈ છે. જે મામલે વેપારીની ભાભી સામે ગુનો નોંધાયો છે.

શહેરના ગણેશફળી વાલ્મીકીવાસમાં રહેતા અને પંડિત દિનદયાલ સસ્તા અનાજની દુકાન ચલાવતા અરુણભાઈ ભીમજીભાઈ વાધેલા (ઉ.વ. ૪૬)એ પોતાની સાથે વિશ્વાસઘાત મામલે આરોપી એવા પોતાના ભાભી પ્રભાબેન ધનજીભાઈ વાધેલા (રહે.મહાવીર સોસાયટી, શેરી નં. ૧, હર્ષદ મિલની ચાલી, રણજીતસાગર રોડ) સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવાયા અનુસાર વર્ષ ૨૦૧૮ અરુણભાઈ કાલાવડ તાલુકાના ખંડેરા ગામે રહેતા હતા. તે સમયે તેમના ઘરની આસપાસ ચોરીની ઘટના બનતાં ભાઈ ધનજીભાઈ અને ભાભી પ્રભાબેને ફરિયાદીની દીકરી કીર્તીબેનના સોનાના દાગીના સલામતી માટે પોતાના ઘરે રાખવાનું કહી વિશ્વાસમાં લીધા હતા. બાદમાં અરુણભાઈએ એક ત્રણ તોલાનો સોનાનો હાર, ત્રણ તોલાની પાનબુટી, એક તોલાની સોનાની કાનસર અને આશરે અડધા તોલાની સોનાની વીંટી સહિત કુલ અંદાજે આઠ તોલા જેટલા, હાલની કિંમતે રૂ. ૫ લાખના દાગીના આરોપીને સોંપી દીધા હતા.

બાદમાં ફરિયાદીએ અનેક વખત દાગીના માંગવા છતાં આરોપી ભાભી યોગ્ય જવાબ આપતા ન હતા જાન્યુઆરી-૨૦૨૩માં પૂછપરછ કરતાં પ્રભાબેને દાગીના ચાંદી બજાર સ્થિત એક જ્વેલર્સ પાસે મૂક્યા હોવાનું જણાવ્યું હતું. તેવામાં ફરિયાદીના ભાઈ ધનજીભાઈનું માર્ચ ૨૦૨૩ માં અવસાન થયું હતું. ત્યારબાદ પણ દાગીના માંગતા પ્રભાબેન વારંવાર અલગ-અલગ જવાબ આપી વાત વાળી નાખતા હતા અને અંતે એમ કહી દીધું હતું કે દાગીના ક્યાં છે એ મને ખબર નથી તમારા ભાઈ એ તમને દાગીના આપી દીધા હતા. બાદમાં એક પારિવારિક પ્રસંગ દરમિયાન આરોપીની દિકરીએ દાગીના પહેરેલા જોવા મળ્યા હતા. આ અંગે પૂછતાં પ્રભાબેને દાગીના પોતાના હોવાનું જણાવ્યું હતું. દાગીનાના બિલ માંગવા છતાં રજૂ કર્યા નહોતા અને દાગીના પણ પરત ન આપતા ફરિયાદના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ભાણવડના ફતેપુરમાં દારૂના આઠ નંગ ચપલા સાથે શખ્સની અટકાયત

ખંભાળિયા : ભાણવડ તાબેના ફતેપુર ગામના વાડી વિસ્તારમાં પોલીસે દરોડો પાડી ઈંગ્લિશ દારૂના આઠ નંગ ચપલા સાથે શખ્સની અટકાયત કરી મુદામાલ કબ્જે લઈ તેના વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ ભાણવડ તાલુકાના ફતેપુર ગામની સીમમાં આવેલ ભીખુભાઈ ખીમાભાઈ વારોતરીયાની કબ્જા ભોગવટાની વાડીએ સ્થાનિક પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડ્યો હતો દરમિયાન અહીથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂના ૮ નંગ ચપલા મળી આવતા તેની ધરપકડ કરી સ્થળપરથી રૂ. ૨ હજારની કિંમતનો દારૂ તથા રૂ. ૫ હજારની કિંમતનો મોબાઈલ ફોન એમ કુલમળી રૂ. ૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# ખંભાળિયામાંથી વધુ એક મહિલા સંચાલિત જુગારનો અખાડો ઝડપાયો

## આઠ મહિલાની પોણો લાખ ઉપરાંતની માલમતા સાથે અટકાયત કરવામાં આવી

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં વધુ એક જગ્યાએ સ્થાનિક પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી રહેણાંક મકાનમાં જુગારનો અખાડો ચલાવતી સંચાલિકા સહિત આઠ મહિલાની રૂ. પોણો લાખ ઉપરાંતની માલમતા સાથે અટકાયત કરી તમામ સામે જુગારધારા ૪-૫ મુજબ ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા શહેરમાં હીરો હોન્ડાના શોરૂમ સામે ગિરધરનગર ખાતે રહેતી સોનલબેન આલાભાઈ સંધીયા નામની મહિલા પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં બહારથી અન્ય મહિલાઓને બોલાવી પોતાના અંગત ફાયદા માટે નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતી હોઈ તેવી બાતમીના આધારે સ્થાનિક પોલીસે ત્યાં દરોડો પાડી ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સોનલબેન સંધીયા સહિત સોનુબેન ભીમાભાઈ કારીયા, હેતલબેન પ્રવીણભાઈ બદીયાણી, ગીતાબા જેઠુભા વાઘેલા, ગીતાબેન રમેશભાઈ સોઢા, રેખાબેન પિયુષભાઈ ભોગાયતા, મુમતાઝબેન મહમદભાઈ સંધી અને કુંદનબેન કલ્યાણજીભાઈ આરંભડીયા નામની આઠ મહિલાની અટકાયત કરી સ્થળપરથી રૂ. ૪૨૮૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૩૭ હજારની કિંમતના છ નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૭૯૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# જામનગરમાં મંડપ સર્વિસના ગોડાઉનમાંથી મેનેજરે રૂ.૧.૮૫ લાખનો સામાન વેચી રોકડી કરી

## ટેબલ, લોખંડની એન્ટ્રી ફ્રેમ, લાઈટના સ્ટેડ, વરરાજાનો સોફો સહિતની વસ્તુ ચોરાઈ

જામનગર : જામનગર શહેરમાં મંડપ સર્વિસના વ્યવસાય સાથે જોડાયેલા વેપારીની માલ-મિલકતની દેખરેખ રાખતા મેનેજરે જ વેપારીની જાણ બહાર ગોડાઉનમાંથી મંડપ સર્વિસનો સામાન બારોબાર વેંચી માર્યાની ફરિયાદ નોંધાઈ છે. આરોપીએ ટેબલ, લોખંડની એન્ટ્રી ફ્રેમ, લાઈટના સ્ટેડ, વરરાજાનો સોફો સહિતની રૂ.૧.૮૫ લાખની કિંમતની વસ્તુ ચોરી રોકડી કરી લીધાની ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

શહેરના રણજીતસાગર રોડ પર આવેલા નાનકપુરી વિસ્તારમાં રહેતા અને મંડપ સર્વિસના વ્યવસાય સાથે જોડાયેલા સાગરભાઈ મોહનભાઈ શર્માએ ચોરી મામલે આરોપી મહેશ જીવતભાઈ રાજાણી (રહે. સાધના કોલોની) સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર મંડપ સર્વિસમાં કામ કરતા મેનેજર મહેશએ પોતાના મિત્રને રૂપિયા ચૂકવવાના હોવાથી મંડપ સર્વિસના ટેબલ સહિતનો સામાન આપી દીધો હોવાની ફરિયાદીને જાણ થતા શંકાના આધારે ગોડાઉનમાં તપાસ કરતા ગોડાઉનમાંથી રૂ.૫૦ હજારની કિંમતના ૩૫ ટેબલ, રૂ.૨૫ હજારની લોખંડની એન્ટ્રી ફ્રેમ, રૂ. ૧૦ હજારની કિંમતના ૬ લાઈટના સ્ટેડ, રૂ.૧૫ હજારના ૪ ઝૂમર, ૪૦ હજારનો વરરાજાનો સોફો, સાઈડનું સફેદ કલરનુ કાપડ, લાકડાના ૩ નંગ સોફાસેટ સહિત મંડપ સર્વિસને લગતો અન્ય સામાન મળી કુલ રૂ.૧.૮૫ લાખનો મુદ્દામાલ ગાયબ હતો. જે સામાન ચોરી કરી મેનેજરે બારોબાર વેંચી મારતા ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે ગુનો નોંધી ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

# વરવાળામાં ૫.૫૦ લાખની ચોરીના બનાવમાં ભાણેજ સહિત બે શખ્સોની અટકાયત

દ્વારકા : દ્વારકા નજીકના વરવાળા ગામે આવેલ ગોહેલ એન્જીનીયરિંગ નામની દુકાનમાં બે દિવસ અગાઉ થયેલ મોટી ચોરીનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. આ ચોરીમાં મામાની દુકાનમાં કામ કરતા ભાણેજે પોતાના સાગરીત સાથે મળી હાથ માર્યો હોવાનું બહાર આવતા ચકચાર મચી ગઈ છે.

દ્વારકા નજીકના વરવાળા ગામે આવેલ ગોહેલ એન્જિનિયરિંગ નામની દુકાનમાં લોકરમાં રાખવામાં આવેલ રૂપિયા ૫.૫૦ લાખની રોકડ રકમ અજાણ્યા શખ્સો ચોરી કરી હોવા મામલે દ્વારકા પોલીસમાં ફરીયાદ



કરાતા પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી.

જેમાં પોલીસે બાતમી આધારે ફરિયાદીનો ભાણેજ ભરતભાઈ પાણખણીયા અને મેરાજ હાજીસાફ નામના બે આરોપીઓને ઝડપી પાડયા હતા.

પુછપરછ દરમ્યાન આરોપીઓએ પોતાની કબૂલાતમાં જણાવેલ કે તેઓને ભાગીદારીમાં એક-એક કાર ખરીદવી હતી પરન્તુ માતા-પિતાએ કાર લેવાની ના પાડતા આર્થિક જરૂરીયાત પુરી કરવા મામાની દુકાનને નિશાન બનાવી હતી. ચોરીના ઈરાદે લોકરમાંથી રોકડ રકમની ઉઠાંતરી કરી હતી. દ્વારકા પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આ મામલે વધુ તપાસ ચાલુ છે.